
મે
૨૦૧૬
Most IMP
Current Affairs
www.crackgpsc.com
Crack GPSC

# મે ૨૦૧૬

## પરીક્ષાલક્ષી,

## મોસ્ટ IMP,

## ટુ ધ પોઈન્ટ

## કરન્ટ અફેર્સ

## એટલે

## crackgpsc.com

www.crackgpsc.com



# Most Imp Current Affairs – May 2016

- પાર્શ્વ ગાયિકા પી. સુશીલા મોહનનું નામ 12 ભારતીય ભાષાઓમાં 17,695 ગીતો ગાવા બદલ ગિનીઝ બુક ઓફ રેકોર્ડ્ઝમાં સામેલ.
- ત્રીજા ધોરણમાં ભણતર છોડનાર કોસલી ભાષાના કવિ હલધર નાગ પદ્મશ્રીથી સન્માનિત.

**હલધર નાગ :**

- ➢ ઓરિસ્સામાં તેમને લોક કબી રતનના નામથી ઓળખવામાં આવે છે. તેમણે 20 મહાકાવ્ય અને ઘણી કવિતાઓ લખી છે. તેમને પોતાના દ્વારા લખાયેલ બધી રચનાઓ કંઠસ્થ છે. પાંચ વિદ્વાનોએ તેમની રચનાઓ પર પી.એચ.ડી. કરી છે.

**કોસલી ભાષા :**

- ➢ આ સંબલપુરી તરીકે પણ ઓળખાય છે. ઓરિસ્સાના પશ્ચિમ ભાગમાં બોલવામાં આવે છે. આ ભાષાના વિસ્તાર માટે પાછલા પાંચ દાયકાઓથી અભિયાન ચલાવાઈ રહ્યું છે. તેઓ આને ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં સામેલ કરવાની માંગ કરી રહ્યા છે.

- એમેઝોને હૈદરાબાદ સ્થિત પરિસર પર કામ કરવાનું શરુ કર્યું. આ સંયુક્ત રાજ્ય અમેરિકાની બહારનું સૌથી મોટું પરિસર છે.
- કચ્છબલી ગામ રાજસ્થાનનું પ્રથમ દારૂ મુક્ત ગામ બન્યું.
- ભારતમાં પ્રથમ વખત મધ્યપ્રદેશમાં ખુશહાલી મંત્રાલય શરુ કરવાની ઘોષણા કરવામાં આવી.
- જીતેન્દર જગોતા આઈડીએસએ (ઇન્ડિયન ડાયરેક્ટ સેલિંગ એસોસિએશન)ના અધ્યક્ષ નિયુક્ત.
- ફ્લીપકાર્ટે મોબાઈલ પેમેન્ટ કંપની ફોનપેના અધિગ્રહણની ઘોષણા કરી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બેલ્જીયમના વડાપ્રધાન ચાર્લ્સ મિશેલે સંયુક્ત રીતે એશિયાના સૌથી મોટા દૂરબીન આર્યભટ્ટ ઓબ્જર્વેશન સાયન્સ રિસર્ચ ઇન્સ્ટીટયુટ (એરીઝ)ની બ્રુસેલ્સ (બેલ્જીયમની રાજધાની)થી રીમોટથી શરૂઆત કરી. આ દૂરબીન ઉત્તરાખંડમાં નૈનીતાલ નજીક દેવસ્થલમાં મનોરા ટેકરી પર સ્થિત છે. આને દેવસ્થલી ઓપ્ટીકલ ટેલિસ્કોપ (DOT)ના નામે પણ ઓળખવામાં આવે છે. ડોટ એશિયામાં સૌથી મોટું ભૂમિ આધારિત

www.crackgpsc.com

ઓપ્ટીકલ ટેલિસ્કોપ છે. આ તારાઓની સંરચનાઓ અને તેમના ચુંબકીય ક્ષેત્રની સંરચનાઓના અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવશે. આ એશિયાના સૌથી મોટા દૂરબીન તરીકે કાવલોર, તમિલનાડુમાં સ્થિત વેણુ બાપ્પુ વેધશાળાનું સ્થાન લેશે.

- પરમાણુ સુરક્ષા શિખર સંમેલન 2016 વોશિંગ્ટન ડીસીમાં સમાપ્ત. કઝાકિસ્તાન અને પોલેન્ડ સહિત ઘણા દેશો પોતાના ઉચ્ચ સંવર્ધિત યુરેનિયમ ભંડારને ઓછો કરવા સહમત.
- સ્માર્ટ સિટી પર બનાવાયેલ ભારતનું પ્રથમ સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) ભુવનેશ્વર સ્માર્ટ સિટી લિમિટેડે કામ કરવાનું શરુ કરી દીધું.
- ત્રાન દાઈ કુઆંગ વિયેતનામના નવા રાષ્ટ્રપતિ ચૂંટાયા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી આરબના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ કિંગ અબ્દુલ્લાજીજ સાશ'થી સન્માનિત.
- ભારત અને સાઉદી આરબે 5 ક્ષેત્રોમાં સહયોગ માટે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા જેમાં શ્રમ, રોકાણ અને હેન્ડીક્રાફ્ટ જેવા ક્ષેત્રો સામેલ છે.
- દુનિયાના પ્રથમ વ્હાઈટ ટાઈગર સફારીનું મુકુંદપુર (મધ્યપ્રદેશ)માં ઉદઘાટન કરવામાં આવ્યું.
- ડીસીબી બેંક લિમિટેડે ભારતમાં પ્રથમ વખત આધાર નંબર અને આધાર ફિંગર પ્રિન્ટ સક્ષમ એટીએમની શરૂઆત કરી. આ કાર્ડલેસ અને પીન લેસ એટીએમ છે.
- વેસ્ટ ઇન્ડિઝે ઇંગ્લેન્ડને હરાવીને ICC પુરુષ વર્લ્ડ કપ ટી-20નો ખિતાબ જીત્યો. વેસ્ટ ઇન્ડિઝ સતત બે વખત ICC વર્લ્ડ કપ ટી-20નો ખિતાબ જીતનાર પ્રથમ ટીમ બની. પ્લેયર ઓફ ધ સીરીઝનો ખિતાબ વિરાટ કોહલીને.
- વેસ્ટ ઇન્ડિઝે ઓસ્ટ્રેલિયાને હરાવીને પ્રથમ વખત ICC મહિલા વિશ્વ કપ T-20નો ખિતાબ જીત્યો.
- સર્બિયાના ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચે મિયામી માસ્ટર્સ ટેનિસ ખિતાબ જીત્યો.
- ઉત્તરપ્રદેશમાં આગ્રાથી ઇટાવાના લાયન સફારી પાર્ક સુધી દેશનો સૌથી લાંબો સાયકલ ટ્રેક બનાવાશે.
- SBIએ એક નવી મોબાઈલ એપ 'નો ક્યૂ' લોન્ચ કરી.
- પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)નાં નેતા મહેબૂબા મુફ્તી જમ્મુ કાશ્મીરનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યાં.
- વકાર યુનુસે પાકિસ્તાન ક્રિકેટ ટીમના મુખ્ય કોચ પદેથી રાજીનામું આપ્યું.
- ભારત-પાકિસ્તાન સીમા પર સુરક્ષા મજબુત બનાવવા માટે મધુકર ગુપ્તા સમિતિ રચવામાં આવી.

www.crackgpsc.com

- ફિલીપીન્સે ડેન્ગ્યુના તાવ માટે વિશ્વનો સૌ પ્રથમ સાર્વજનિક રસીકરણ કાર્યક્રમ શરુ કર્યો. જે મુજબ શાળાના બાળકોને વિશ્વની પ્રથમ લાયસન્સ ડેન્ગ્યુ રસી 'ડેન્ગવક્સિયા' (Dengvaxia) આપવામાં આવશે. ડેન્ગ્યુ એડીઝ નામના મચ્છરના કરડવાથી ફેલાય છે.
- નરેન્દ્ર મોદીએ 13મા ભારતીય-યુરોપીય સંઘ શિખર સંમેલનમાં ભાગ લીધો.
- નરેન્દ્ર મોદીએ વોશિંગ્ટન ડીસીમાં ચોથા પરમાણુ સુરક્ષા શિખર સંમેલનમાં ભાગ લીધો. તેમણે પરમાણુ સુરક્ષા ફંડમાં 1 મિલિયન અમરીકન ડોલરના યોગદાનની પણ ઘોષણા કરી. ભારત અને અમેરિકાએ ભારતમાં લેજર ઇન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ - વેવ ઓબ્ઝરવેટ્રી (LIGO)ની સ્થાપના માટે એક સમજૂતી પર પણ હસ્તાક્ષર કર્યા.
- ભારતની પ્રથમ સેમી હાઈ સ્પીડ ટ્રેન 'ગતિમાન એક્સપ્રેસ"ની હજરત નિઝામુદ્દીન સ્ટેશનથી શરૂઆત. આ 160 કિમી/કલાકની ગતિથી દોડશે. દિલ્હીથી આગ્રા વચ્ચે 200 કિમીનું અંતર માત્ર 100 મિનિટમાં કાપશે. આમાં ફ્લાઈટ્સની જેમ જ ફીમેલ ટ્રેન હોસ્ટેસ હશે.
- પનામા પેપર્સ ખુલાસામાં નામ આવ્યા બાદ આઈસલેન્ડના વડાપ્રધાન સિગમુડુર ડેવિયો ગુનલોગસને રાજીનામું આપી દીધું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાબુ જગજીવન રામની જન્મ જયંતિ પર નોઇડા, ઉત્તરપ્રદેશમાં 'સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજના'ની શરૂઆત કરી. આ મુજબ બેંક અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ તથા મહિલા ઉદ્યમીઓને 10 લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયા સુધીની લોન આપશે. સરકાર આ યોજના હેઠળ 2.5 લાખ દલિત ઉદ્યમી તૈયાર કરશે.
- બિહારમાં સંપૂર્ણ દારૂબંધી લાગુ કરવામાં આવી.
- PRL, અમદાવાદના માનદ પ્રોફેસર અશોક કુમાર સિંઘવી વર્ષ 2014ના 'ઉત્કૃષ્ટતાનો રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર'થી સન્માનિત.
- પેરિસના યુનેસ્કો મુખ્યાલયમાં શૂન્ય પર આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.




www.crackgpsc.com

- કેન્દ્ર સરકારે ઓછા ખર્ચ વાળા સુક્ષ્મ સૌર ઉપકરણ સૂર્ય જ્યોતિનો શુભારંભ કર્યો. આ ગ્રામ્ય અને શહેરી વસ્તીને વીજળીની સમસ્યાઓથી મુક્તિ અપાવશે.
- પ્રસિદ્ધ હોલીવુડ અભિનેત્રી અને પટકથા લેખિકા બાર્બરા ટર્નરનું અવસાન થયું.
- ટ્રેન્ડ્સ ઇન વર્લ્ડ મિલીટરી એક્સપેન્ડીચર 2015 રિપોર્ટ અનુસાર 2015માં અમેરિકા સૌથી વધુ ખર્ચ કરનાર દેશ. ભારત છઠ્ઠા સ્થાને.
- આરબીઆઇએ રેપો રેટમાં ઘટાડો કરતાં રેપો રેટ 6.50%. રિવર્સ રેપો રેટ 6.00%. સીઆરઆર 4%.
- આઈએએસએસટી, આસામના વૈજ્ઞાનિકોએ જળ શુદ્ધિકરણ માટે ઇકો-ફ્રેન્ડલી નેનો ટેકનોલોજી વિકસાવવામાં સફળતા મેળવી. સિન્થેટિક પદાર્થના સ્થાને આમાં નેનો કણ અને બાયોડીગ્રેડીબલ તથા હરિત પદાર્થોનો ઉપયોગ થશે.
- ચીને પુનઃપ્રાપ્ત થઇ શકે એવા વૈજ્ઞાનિક સંશોધન ઉપગ્રહ SJ-10 (Shijian -10)નું પ્રક્ષેપણ કર્યું.
- સિગુરદુર ઈંગી જોહાનસન આઈસલેન્ડના નવા વડાપ્રધાન.
- કેન્દ્રીય મંત્રી મંડળે 'વન રેન્ક વન પેન્શન'ના અમલીકરણને મંજુરી આપી. પેન્શનનો લાભ 1 જુલાઈ, 2014થી પ્રભાવી હશે.
- ભારતીય પુરુષ ટીમે વર્ષ 2016ની એશિયન નેશન્સ કપ શતરંજ સ્પર્ધા જીતી.
- 6 એપ્રિલ 2016ના રોજ વિશ્વ ભરમાં ખેલ આંતરરાષ્ટ્રીય દિવસ (IDSDP) 2016 ઉજવાયો. 1896માં 6 એપ્રિલના રોજ એથેન્સમાં પ્રથમ આધુનિક ઓલિમ્પિક ખેલોનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.
- ડેમોક્રેટિક પાર્ટીના નેતા હાશિમ થાચી કોસોવોના રાષ્ટ્રપતિ બન્યા.
- ફ્યુચર ગ્રુપે ઓનલાઈન ફર્નીચર પ્લેટફોર્મ ફેબફર્નિશનું 20 કરોડ રૂપિયામાં અધિગ્રહણ કર્યું.
- નાસાએ 17 અબજ સૂર્યો બરાબર આકાર અને વજન વાળા બ્લેકહોલની શોધ કરી. આ પૃથ્વીથી 200 મિલિયન પ્રકાશ વર્ષ દૂર છે.
- મિયામી ઓપન વિજેતા 2016 : પુરુષ વર્ગ - નોવાક જોકોવિચ, મહિલા એકલ - વિક્ટોરિયા અજારેંકા, પુરુષ યુગલ - પિયરે હ્યુગસ અને નિકોલસ માહુત, મહિલા યુગલ - બેથની મટ્ટેક સેન્ડ્સ અને લ્યુસી સેફારોવા.
- ન્યાયમૂર્તિ (સેવા નિવૃત્ત) પ્રમોદ કોહલી કેન્દ્રીય પ્રશાસનિક ન્યાયાધિકરણ (કેટ)ના અધ્યક્ષ બન્યા.
- વિશ્વ વેપાર સંગઠન (WTO)ના રિપોર્ટ અનુસાર ભારત વસ્તુઓની નિકાસ બાબતે વિશ્વના ટોચના 30 દેશોમાં 19મા ક્રમે. ચીન પ્રથમ.

- ઇમરાન હાશમી દ્વારા લેખિત પુસ્તક 'ધ કિસ ઓફ લાઈફ'નું વિમોચન. આમાં ઇમરાન હાશમીના પરિવારના એ સમય વિષે દર્શાવાયું છે જ્યારે તેમનો છ વર્ષીય પુત્ર અયાન કેન્સરથી પીડિત હતો.
- 7 એપ્રિલ 2016 : વિશ્વ સ્વાસ્થ્ય દિવસ. આ વર્ષનો વિષય છે, મધુપ્રમેહ : નિયંત્રણના પ્રયત્નો વધારવા, સારસંભાળ મજબૂત કરવી.

**વર્લ્ડ હેલ્થ ડેની શરૂઆત**

- સંયુક્ત રાષ્ટ્રની આરોગ્ય એજન્સી 'વિશ્વ આરોગ્ય સંગઠન'ની સ્થાપના 7 એપ્રિલ 1948ના દિવસે થઈ હતી. માટે 7 એપ્રિલનો દિવસ 'વર્લ્ડ હેલ્થ ડે' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.
- પ્રથમ 'વર્લ્ડ હેલ્થ ડે' 7 એપ્રિલ 1950ના દિવસે ઉજવવામાં આવ્યો હતો.

**વિશ્વ આરોગ્ય સંગઠનથી જોડાયેલ મુખ્ય તથ્ય**

- વિશ્વ આરોગ્ય સંગઠન (World Health Organization-WHO)ની સ્થાપના 7 એપ્રિલ 1948ના દિવસે સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા શહેરમાં થઈ, જ્યાં હાલમાં આ સંસ્થાનું મુખ્યાલય પણ છે.
- વિશ્વ આરોગ્ય સંગઠનનો મુખ્ય હેતુ સમગ્ર વિશ્વના લોકોનું આરોગ્ય સ્તર ઊંચું રાખવાનો છે.
- WHOની સ્થાપનાના પ્રસ્તાવને 22 જુલાઈ 1946ના દિવસે સંયુક્ત રાષ્ટ્રના તત્કાલીન તમામ 61 સભ્ય દેશોએ સહમતિ આપી હતી. વર્ષ 2014 સુધી વિશ્વ આરોગ્ય સંગઠનના સભ્ય દેશોની સંખ્યા 194 હતી. તેની સ્થાપનાથી લઈને અત્યાર સુધી WHOએ ઘણી જીવલેણ બિમારીઓ અને શીતળા જેવી ગંભીર બિમારીઓને નાબૂદ કરવામાં નોંધપાત્ર પગલાં લીધાં છે. હાલ સંગઠનનું ખાસ ધ્યાન ટીબી, કેન્સર અને HIV જેવી મોટી બીમારીઓ પર છે. WHOના કાર્યક્ષેત્રમાં જાતીય રોગો, પોષણ અને ખાદ્ય સુરક્ષા સંબંધી બિમારીઓ પણ સામેલ છે.

- સચિન તેંદુલકરને 'સ્કિલ ઇન્ડિયા' અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા.
- ફ્રાંસના સેંટ-ટ્રોપેઝ શહેરમાં મહારાજા રણજીત સિંહની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. મહારાજા રણજીત સિંહ શેર-એ-પંજાબના નામથી પણ પ્રસિદ્ધ છે.
- શાન-એ-પંજાબ એક્સપ્રેસ સીસીટીવી કેમેરા વાળી ભારતની પ્રથમ રેલગાડી બની.

www.crackgpsc.com

- દિલ્હીની પ્રિયદર્શની ચેટરજી એફબીબી ફેમિના મિસ ઇન્ડિયા વર્લ્ડ-2016.
- ભારતી એરટેલે 3500 કરોડ રૂપિયામાં 8 સર્કલમાં એરસેલનું 4જી ઈન્ટરનેટ સ્પેક્ટ્રમ ખરીદ્યું.
- મલેશિયાના ખેલાડી લી ચોંગ વેઈએ મલેશિયા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતી.
- કેરળના પુત્તિન્ગલ મંદિરમાં આતિશબાજી દરમ્યાન થયેલ આગ દુર્ઘટનામાં 110 લોકોનાં મૃત્યુ.
- પ્રથમ નોર્થ ઇસ્ટ-આસિયાન વેપાર શિખર સંમેલન ઇમ્ફાલમાં સંપન્ન થયું.
- સાઉદી આરબ અને મિસરે લાલ સાગર પર પુલ બનાવવાની ઘોષણા કરી. આ પુલ બંને દેશોને જોડવા અને વેપારને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.
- માલદીવના રાષ્ટ્રપતિ અબ્દુલ્લા યામીન અબ્દુલ ગયૂમની બે દિવસીય ભારત યાત્રા દરમ્યાન ડબલ ટેક્સેશન, દક્ષિણ એશિયા સેટેલાઈટનું સંચાલન, સુરક્ષા, પર્યટન જેવી સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- સરકારી જાહેરાતો પર દેખરેખ માટે બી. બી. ટંડન સમિતિની રચના. આનો હેતુ સરકારી જાહેરાતો પર દેખરેખ રાખવાનો છે કે તેઓ સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરી રહેલ છે કે નહિ.
- મીરન સી બોરવંકર પોલિસ સંશોધન અને વિકાસ બ્યુરોના મહાનિદેશક નિયુક્ત.
- WWF અને ગ્લોબલ ટાઈગર ફોરમ (GTF) દ્વારા પ્રકાશિત રિપોર્ટ અનુસાર, વિશ્વમાં પ્રથમ વખત વાઘની સંખ્યામાં 22%નો વધારો થયો. ભારત 2226 વાઘ સહિત સૌથી આગળ છે.
- એન્થની યહોશૂએ આંતરરાષ્ટ્રીય બોક્સિંગ ફેડરેશનનો હેવીવેઇટ ખિતાબ જીત્યો.
- ડેની વિલેટે યુએસ માસ્ટર્સ ગોલ્ફ ચેમ્પિયનશિપ જીતી.
- ઝારખંડ સરકારે ઉત્કૃષ્ટ ખેલાડીઓ માટે નોકરીમાં 2% અનામતની ઘોષણા કરી.
- વેસ્ટ ઇન્ડિઝના ઓલ રાઉન્ડર ઇવેન બ્રાવો T-20માં 300 વિકેટ લેનાર પ્રથમ ખેલાડી બન્યા.
- એરટેલ એમ કોમર્સ સર્વિસીસ લિ. (AMSL)ને આરબીઆઈએ પેમેન્ટ બેંક માટે લાયસન્સ આપ્યું. AMSL એરટેલ મની બ્રાન્ડ નામથી મની સર્વિસ પૂરી પાડે છે. આ દેશની પ્રથમ મોબાઈલ આધારિત પ્રી-પેડ પેમેન્ટ ઈંસ્ટ્રુમેન્ટ સર્વિસ છે.
- ભારતે સ્વદેશી રીતે વિકસિત સપાટીથી હવામાં માર કરનાર આકાશ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.
- ભૂતપૂર્વ સેના અધ્યક્ષ જનરલ જે. જે. સિંહને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓફિસર ઓફ ધ લીજન ઓફ ઓનરથી સન્માનિત કરવામાં આવ્યા.

www.crackgpsc.com

**ધ લીજન ઓફ ઓનર :**

- આ ફ્રાન્સ સરકાર દ્વારા આપવામાં આવનાર સર્વોચ્ચ નાગરિક સન્માન છે.
- આની સ્થાપના 1802માં નેપોલિયન બોનાપાર્ટે કરી હતી.
- આ પાંચ ભાગોમાં વહેંચાયેલ છે જેમાં; નાઈટ, ઓફિસર, કમાન્ડર, ગ્રાન્ડ ઓફિસર અને ગ્રાન્ડ ક્રોસ એવોર્ડ સામેલ છે.

- હરિયાણા સરકારે ગુડગાંવનું નામ બદલીને ગુરુગ્રામ અને મેવાતનું નામ બદલીને નૂંહ કરવાનો નિર્ણય લીધો.
  - ગુડગાંવ પાંડવો અને કૌરવોનું શિક્ષણ સ્થળ છે જ્યાં તેમણે ગુરૂ દ્રોણાચાર્ય પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. તે સમયે આ ગુરુગ્રામથી ઓળખાતું હતું.
- રોયલ મેલ ઓફ બ્રિટીશે નાટ્યકાર વિલિયમ શેક્સપિયરની 400મી પૂણ્યતિથિ નિમિત્તે ટપાલ ટીકીટ બહાર પાડી.
- અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચનને ‘ગ્લોબલ ઇન્ડિયન ઓફ ધ યર’ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી.
- શતરંજના જાદુગર વિશ્વનાથન આનંદને હૃદયનાથ પુરસ્કાર 2016થી સન્માનિત કરવામાં આવ્યા.
- 12 એપ્રિલ : ઇન્ટરનેશનલ ડે ઓફ હુમન સ્પેસ ફ્લાઈટ. આ 12 એપ્રિલ 1961માં 27 વર્ષીય પાયલટ યુરી ગાગરીનના ‘વોસ્તાક-1’ નામના અંતરિક્ષ યાન દ્વારા પ્રથમ વખત અવકાશમાં જવા નિમિત્તે ઉજવવામાં આવે છે.
- ડોંગરી અને હિન્દી ભાષાનાં પ્રખ્યાત લેખિકા પદ્મા સચદેવને વર્ષ 2015ના સરસ્વતી સન્માન માટે પસંદ કરવામાં આવ્યાં.

**સરસ્વતી સન્માન :**

- સરસ્વતી સન્માન ભારતના બંધારણના આઠમા પરિશિષ્ટમાં ક્રમબદ્ધ ભારતીય ભાષાઓમાં ઉત્તમ ગદ્ય અથવા કવિતા સાહિત્યિક કૃતિઓની સ્વીકૃતિ માટે આપવામાં આવે છે.
- આ એક વાર્ષિક પુરસ્કાર છે.
- આ સન્માન છેલ્લાં 10 વર્ષોની સાહિત્યિક કૃતિઓ માટે આપવામાં આવે છે.
- સરસ્વતી સન્માનની સ્થાપના 1991માં કે કે બિરલા ફાઉન્ડેશને કરી હતી.
- પ્રથમ સરસ્વતી સન્માન ડૉ. હરિવંશ રાય બચ્ચનને તેમની આત્મચરિત્રાત્મક કૃતિ ‘દશદ્વાર સે સોપાન તક’ માટે આપવામાં આવ્યુ હતું.

> - સરસ્વતી સન્માન હેઠળ એક પ્રશસ્તિ પત્ર, સ્મૃતિ ચિહ્ન અને 10 લાખ રૂપિયાનો ચેક આપીને સન્માનિત કરવામાં આવે છે.
> - કે કે બિરલા ફાઉન્ડેશને સાહિત્યના ક્ષેત્રમાં ત્રણ પુરસ્કારોની સ્થાપના કરી છે. તેમાં સરસ્વતી સન્માન, વ્યાસ સન્માન (હિન્દી માટે) અને બિહારી પુરસ્કાર (હિન્દી અને રાજસ્થાનના રાજસ્થાની લેખકો માટે) છે.

- સંયુક્ત રાષ્ટ્રોમાં પ્રથમ વાર 13 એપ્રિલ 2016ના રોજ ભારતીય બંધારણના રચયિતા ડૉ. ભીમરાવ આંબેડકરની જયંતિ ઉજવવામાં આવી.
- ભારતે લાંબા અંતરની K-4 બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું. K-4 મિસાઈલનું કોડનેમ છે.

> **K-4 બેલેસ્ટિક મિસાઈલ :**
> - આની લંબાઈ 12 મીટર તથા પહોળાઈ 1.3 મીટર છે.
> - આને પાણીની અંદર 20 ફૂટ નીચેથી પર ફાયર કરી શકાય છે.
> - આની મારક ક્ષમતા 3500 કિમી છે.
> - આ સાથે 2000 કિગ્રા સુધી દારૂગોળો લઇ જઈ શકે છે.

- કેન્દ્રીય મંત્રી મંડળે ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે માનવ તસ્કરી રોકવાની સહયોગ સમજૂતીને મંજુરી આપી દીધી.
- ભારત અને જર્મનીએ ગંગા નદીની સુરક્ષા માટે 'નમામિ ગંગે કાર્યક્રમ' અંતર્ગત એક કાર્યાન્વયન સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.
- સુસ્મિતા પાંડે રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણ (NMA)ના અધ્યક્ષ બન્યાં.
- ન્યુયોર્કના ઇસ્ટ રિવર સ્થિત પ્રસિદ્ધ પેપ્સી કોલા સાઈનને ઐતિહાસિક લેન્ડમાર્કનો દરજ્જો આપવામાં આવ્યો.
- પ્રસિદ્ધ ભારતીય મહિલા મુક્કેબાજ એમ. સી. મેરીકોમને આગામી વિશ્વ ચેમ્પિયનશિપના આઠ એમ્બેસેડરમાંથી એક પસંદ કરવામાં આવી.
- 14 એપ્રિલના રોજ ડૉ. આંબેડકરની 125મી જયંતિ ઉજવવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દિવસે 'ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાન'નો શુભારંભ કર્યો. આનું લક્ષ્ય ગામડાંમાં સામાજિક સૌહાર્દ વધારવાનું, પંચાયતી રાજને મજબૂત કરવાનું અને ગ્રામ્ય વિકાસને પ્રોત્સાહન આપવાનું અને ગરીબો માટે ખેડૂતોના કલ્યાણ અને રોજગારીને પ્રોત્સાહન આપવાનું છે.

www.crackgpsc.com

- 14 એપ્રિલ, 2016ના રોજ ડૉ. આંબેડકરની 125મી જયંતિ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતો માટે e-NAM, રાષ્ટ્રીય ખેત બજારના ઈ-ટ્રેડીંગ મંચની શરૂઆત કરી. આરંભિક ચરણમાં 8 રાજ્યોના 21 બજારને e-NAM સાથે જોડવામાં આવેલ છે.
- વરિષ્ઠ પત્રકાર રામ બહાદુર રાય ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના નવા પ્રમુખ તરીકે નિયુક્ત.
- પાનાગઢ એરબસનું નામ બદલીને ભૂતપૂર્વ વાયુસેના પ્રમુખ અર્જુન સિંહના નામે રાખવામાં આવ્યું.
- ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને 25મો સુલતાન અજલાન શાહ કપ જીત્યો.

**સુલતાન અજલાન શાહ કપ :**

- આ મલેશિયામાં રમાનાર વાર્ષિક આંતરરાષ્ટ્રીય પુરુષ હોકી ચેમ્પિયનશિપ છે.
- આની શરૂઆત વર્ષ 1983માં કરવામાં આવી.
- આનું નામ મલેશિયાના રાજા, સુલતાન અજલાન શાહના નામ પર રાખવામાં આવ્યું છે.

- હીરો સાયકલ ગ્રુપના કો-ફાઉન્ડર, સત્યાનંદ મુંજાલનું નિધન થઇ ગયું.
- ઉત્તર-પૂર્વ ક્ષેત્રનું અત્યાર સુધીનું સૌથી ઝડપી સુપર કમ્પ્યુટર પરમ કંચનજંગા NIT, સિક્કિમમાં સ્થાપિત કરવામાં આવ્યું. આ સાથે જ આ દેશનું કોઈ પણ NITમાં મુકાયેલ અત્યાર સુધીનું સૌથી ઝડપી સુપર કમ્પ્યુટર પણ છે.
- ઇક્વાડોરમાં શક્તિશાળી ભૂકંપ, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 7.8 માપવામાં આવી.
- ગુગલે ભારતીય રેલ્વેના દૂર-સંચાર એકમ રેલટેલના સહયોગથી ભુવનેશ્વર રેલવે સ્ટેશન પર મફત વાઇ-ફાઈ સુવિધા શરૂ કરી.
- 17 એપ્રિલ, 2016ના રોજ વિશ્વ હેમોફિલીયા દિવસ ઉજવવામાં આવ્યો. વિષય : સૌ માટે ઉપચાર.
- ફોર્મ્યુલા - 1 રેસમાં મર્સીડીઝ ડ્રાઈવર નીકો રોઝબર્ગે ચીની ગ્રાં. પ્રિ. રેસ જીતી.
- રાફેલ નડાલે વર્ષ 2016નો મોંટે કાર્લો માસ્ટર્સ ખિતાબ જીત્યો.

**મોંટે કાર્લો માસ્ટર્સ :**

- આ પુરુષોની એક વાર્ષિક પ્રતિસ્પર્ધા છે જે મોનાકોની બોર્ડર પર ફ્રાન્સમાં યોજાય છે. આ એપ્રિલ-મેમાં ક્લે કોર્ટમાં રમવામાં આવે છે. પ્રથમ વખત આનું આયોજન વર્ષ 1897માં થયું હતું.

www.crackgpsc.com

- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોનું ચોથું સંમેલન ભોપાલમાં યોજાયું.
- આર. કે. પચૌરીએ ટેરી (ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટીટયુટ)ની સંચાલન પરિષદના સભ્ય પદેથી રાજીનામું આપ્યું.
- અમેરિકામાં પ્રથમ વખત ડોલર પર કોઈ આફ્રો-અમેરિકન મહિલા હેરીએટ ટબમેનનો ફોટો લાગશે.
- મહારાષ્ટ્ર રાજ્યએ બનાવેલ અને વેચાતી દારૂની દરેક બોટલ પર હોલોગ્રામ લગાવવો અનિવાર્ય કરવાનો નિર્ણય લીધો.
- 13મું ઇસ્લામી શિખર સંમેલન ઈસ્તંબુલમાં સંપન્ન થયું.
- રશિયા, ભારત અને ચીનના વિદેશ મંત્રીઓની 14મી બેઠક મોસ્કોમાં યોજવામાં આવી.
- રિયો ઓલિમ્પિક્સ માટે આયોજિત ક્વાલીફાઈંગ અને ટેસ્ટ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને ભારતીય આર્ટિસ્ટિક જીમ્નાસ્ટીક દીપા કરમાકર ઓલિમ્પિક્સ માટે ક્વાલીફાઈ થનાર પ્રથમ ભારતીય જીમ્નાસ્ટીક બની.
- ભારત અને મોરેશિયસે પરંપરાગત ઔષધ અને હોમિઓપેથી ક્ષેત્રે સહયોગ વધારવા માટે સમજુતી કરી.
- ભારતીય મૂળનાં ગીતા પાસી ચાડ માટે અમેરિકન રાજદૂત નિયુક્ત.
- ભારતની દુર્ગા ઠાકુરને આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય એમ્પાયર પદ માટે બઢતી આપવામાં આવી.
- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી મેનકા ગાંધીએ ઔપચારિક રીતે વધુ 61 જીલ્લાઓમાં 'બેટી બચાવો, બેટી ભણાવો' યોજનાની શરૂઆત કરી.
- લોરેઉસ વર્લ્ડ સ્પોર્ટ્સ પુરસ્કાર :

  **સ્પોર્ટ્સમેન ઓફ ધ યર** - નોવાક જોકોવિચ, સર્બિયા (ટેનિસ),

  **ટીમ ઓફ ધ યર** - ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય રગ્બી યુનિયન ટીમ,

  **સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર** - સેરેના વિલિયમ્સ, અમેરિકા (ટેનિસ).




www.crackgpsc.com

- રાજીવ ગાંધી ખેલ અભિયાનનો કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના 'ખેલો ઇન્ડિયા અભિયાન'માં વિલય કરી દેવામાં આવ્યો.
- 'ધ મેકિંગ ઓફ ઇન્ડિયા : ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ બ્રિટીશ એન્ટરપ્રાઈઝ' - કરતાર લાલવાણી દ્વારા રચિત પુસ્તક. આમાં બ્રિટીશ રાજ દરમ્યાન ભારતમાં વ્યાપેલ એકતા વિષે લખવામાં આવેલ છે.
- સીમા મુદ્દે ભારત અને ચીન વચ્ચે ચર્ચાનો 19મો તબક્કો બેઇજીંગમાં સંપન્ન.
- રાહુલ જોહરી BCCIના પ્રથમ CEO. તેઓ 1 જૂન, 2016ના રોજથી આ પદ સંભાળશે.
- આરબીએલ સ્ટાર્ટઅપ્સને સમર્પિત શાખા ખોલનાર ભારતની પ્રથમ પ્રાઈવેટ સેક્ટરની બેંક બની. આરબીએલે કોરામંગલા, બેંગલુરુમાં આ શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યું.
- ચીની પ્રોફેસર જીઈ ફૂપિંગ હિન્દીને પ્રોત્સાહન આપવા માટે જ્યોર્જ ગ્રિયર્સન પુરસ્કારથી સન્માનિત.
- ઉત્તરાખંડ હાઈકોર્ટે ઉત્તરાખંડમાં લાગુ રાષ્ટ્રપતિ શાસનને રદ કરવાનો આદેશ આપ્યો.
- ઈદરીસ દેબે પાંચમી વખત ચાડના રાષ્ટ્રપતિ ચૂંટાયા.
- ટાઈમ મેગેઝિનની વિશ્વના 100 પ્રભાવશાળી લોકોની યાદીમાં આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન, ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા, અભિનેત્રી પ્રિયંકા ચોપડા, સુનીતા નારાયણ, ગુગલના સીઈઓ સુંદર પિચાઈ અને ફ્લિપકાર્ડના સંસ્થાપક - બિન્ની બંસલ અને સચિન બંસલ સામેલ.
- કેન્દ્ર સરકારે ડિસઈન્વેસ્ટમેન્ટ ડિપાર્ટમેન્ટનું નામ બદલીને દીપમ એટલે કે ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ કરી દીધું.
- 22 એપ્રિલના રોજ પૃથ્વી દિવસ ઉજવવામાં આવ્યો. વર્ષ 2016ના પૃથ્વી દિવસનું થીમ વાક્ય 'ટ્રી ફોર ધ અર્થ' (Trees for the Earth) છે.

**પૃથ્વી દિવસ :**

- પ્રથમ વખત ઈ.સ. 1970માં ઉજવાયો હતો.
- આનો ઉદ્દેશ્ય લોકોને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો છે.
- પૃથ્વી દિવસની સ્થાપના ઈ.સ. 1970માં અમેરિકન સીનેટર જેરાલ્ડ નેલ્શન દ્વારા એક પર્યાવરણ શિક્ષા તરીકે કરવામાં આવી.
- પૃથ્વી દિવસની તારીખ ઉત્તર ગોળાર્ધમાં વસંત ઋતુ અને દક્ષિણ ગોળાર્ધમાં શરદ ઋતુ છે.
- સંયુક્ત રાષ્ટ્રોમાં પૃથ્વી દિવસને દર વર્ષે માર્ચ ઇક્વિનોક્સ (વર્ષનો તે સમય

www.crackgpsc.com

જયારે દિવસ અને રાત બરાબર હોય છે), આ દિવસ લગભગ 20 માર્ચના રોજ હોય છે, આ એક પરંપરા છે જેની સ્થાપના શાંતિ કાર્યકર્તા જોન મેક્કોનલ દ્વારા કરવામાં આવી હતી.

- 'ઈપસોસ'ના અભ્યાસ અનુસાર ભારતમાં ગુગલ સૌથી પ્રભાવશાળી બ્રાન્ડ.
- સુબ્રમણ્યમ સ્વામી, નવજોતસિંહ સિદ્ધુ, ઓલિમ્પિક વિજેતા બોક્સર મેરી કોમ રાજ્યસભાના સભ્ય માટે નોમીનેટ.
- કેન્દ્રીય મંત્રીમંડળે Sahapedia.org નામથી ભારતનું પ્રથમ ઓનલાઈન સંસ્કૃતિકોષ પોર્ટલ શરુ કર્યું. આ ભારતની કલા, સંસ્કૃતિ અને વિરાસત પર આધારિત ઓનલાઈન પોર્ટલ છે.
- થાઈલેન્ડના ભૂતપૂર્વ વડાપ્રધાન બન્હાર્ન સીલ્પા-અર્ચાનું નિધન.
- 23 એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ ઉજવાયો.
- રાફેલ નડાલે બાર્સેલોના ઓપનમાં પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- બોબ અને માઈક બ્રયાને બાર્સેલોના ઓપનનો યુગલ ખિતાબ જીત્યો.

**બાર્સેલોના ઓપન :**

- આ પુરુષ ખેલાડીઓની વાર્ષિક સ્પર્ધા છે.
- આનું આયોજન વર્ષ 1953થી બાર્સેલોનામાં કરવામાં આવે છે.
- આ ક્લે કોર્ટ પર રમવામાં આવે છે.
- મેડ્રિડ ઓપન બાદ આ સ્પેનમાં રમવામાં આવતી બીજી સૌથી મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ છે.

- રિયાદ મહરેજ પીએફએ પ્લેયર ઓફ ધ યર જીતનાર પ્રથમ આફ્રિકન ફૂટબોલર બન્યા.
- 25 એપ્રિલના રોજ 'વિશ્વ મેલેરિયા દિવસ' ઉજવાયો.
- રશિયાએ ચીનને હરાવીને વિશ્વ મિશ્રિત યુગલ કર્લિંગ ચેમ્પિયનશિપનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ભારતના નિશાનેબાજ મેરાજ અહમદ ખાને ISSF નિશાનેબાજી વર્લ્ડ કપના પુરુષોની સ્કીટ ચેમ્પિયનશિપમાં રજત ચંદ્રક જીત્યો.
- 11મો ભારત-મંગોલિયા સંયુક્ત પ્રશિક્ષણ અભ્યાસ 'નોમૈડીક એલીફેંટ-2016' મંગોલિયામાં શરૂ થયો.




www.crackgpsc.com

- ભારત કોમનવેલ્થ જુડો ચેમ્પિયનશિપ-2018ની મેજબાની કરશે. પ્રથમ વખત કોમનવેલ્થ જુડો ચેમ્પિયનશિપનું આયોજન ભારતમાં થવા જઈ રહ્યું છે.
- મોહન બાગાનના જે. જે. લાલપેખલુઆ ભારતીય ફૂટબોલ ખેલાડી સંઘ દ્વારા સર્વશ્રેષ્ઠ ખેલાડી ઘોષિત.

**મોહન બાગાન એ.સી. :**

- મોહન બાગાન એથ્લેટિક ક્લબ કોલકતાનું એક પ્રોફેશનલ ફૂટબોલ ક્લબ છે.
- આની સ્થાપના 1889માં ભુપેન્દ્ર નાથ બોઝ દ્વારા કરવામાં આવી.
- આ ભારતની સૌથી જૂની ફૂટબોલ ક્લબ છે.

- આંતરરાષ્ટ્રીય બેંક નોટ સોસાયટી (IBNS) દ્વારા ન્યુઝીલેન્ડની પાંચ ડોલરની નોટ (NZD)ને બેંક નોટ ઓફ ધ યર પુરસ્કાર-2015 પ્રદાન કરવામાં આવ્યો.
- પહેલવાન સંદીપ તોમર અને નૌકાયાન ખેલાડી દત્તુ બબન ભોકાનલ રિયો ઓલિમ્પિક માટે ક્વાલીફાઈ થયા.
- કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન 'એક કર્મચારી, એક ઇપીએફ ખાતું' યોજના 1 મેથી લોન્ચ કરશે.
- કપિલ દેવ અને બેડમિન્ટન ખેલાડી નંદુ નાટેકરને ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયા (CCI)ના લીજેન્ડ્સ ક્લબમાં સામેલ કરવામાં આવ્યા. નંદુ નાટેકર CCIના લીજેન્ડ્સ ક્લબમાં સામેલ થનાર પ્રથમ બિન-ક્રિકેટ ખેલાડી બન્યા.
- 26 એપ્રિલ, 2016ના રોજ બૌદ્ધિક સંપદા દિવસ ઉજવાયો.
- IIT ખડગપુર (KGP)ના ફાઉન્ડર કે અશોક કુમારે પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ પ્લાન્ટ ન્યુટ્રીશન સ્કોલર એવોર્ડ જીત્યો.
- હાર્ટ ઓફ એશિયા (HOA) સંમેલન નવી દિલ્હીમાં શરુ થયું.
- એસોસીએશનમાં સરકારના વધતા જતા હસ્તક્ષેપને કારણે ICCએ નેપાળ ક્રિકેટ એસોસિએશન (CAN)ને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો.
- લોબસાંગ સાંગે સતત બીજી વખત તિબેટની નિર્વાસિત સરકારના વડાપ્રધાન ચૂંટાયા.
- 28 એપ્રિલ : કાર્ય સ્થળ પર સુરક્ષા અને સ્વાસ્થ્ય વિશ્વ દિવસ.
- સુદર્શન પટનાયકે મોસ્કોમાં આયોજિત (9મો) 'મોસ્કો સેન્ડ સ્કલ્પચર ચેમ્પિયનશિપ 2016'માં સુવર્ણ ચંદ્રક જીત્યો.

**સુદર્શન પટનાયક :**

- રેત-કલાકારીમાં 9 વખત લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવી

ચુક્યા છે.

- તેઓ પુરીમાં 'સુદર્શન સેન્ડ આર્ટ ઇન્સ્ટીટયુટ' નામથી એક સંસ્થા ચલાવે છે, જ્યાં સમગ્ર દુનિયામાંથી બાળકો રેત કળા શીખવા આવે છે.
- તેઓ ઓરિસ્સા આંતરરાષ્ટ્રીય રેત-કળા ઉત્સવના બ્રાન્ડ એમ્બેસેડર પણ છે.

- જયસુર્યાને શ્રીલંકા ક્રિકેટ ટીમના પ્રમુખ પસંદગીકાર નિયુક્ત કરવામાં આવ્યા.
- ભારતીય તીરંદાજ દીપિકા કુમારીએ મહિલા રિકર્વ સ્પર્ધામાં 72 તીરોના રેન્કિંગ રાઉન્ડમાં 686 અંક સાથે વિશ્વ રેકોર્ડની બરાબરી કરી.
- સિંગાપુરની સૌથી મોટી બેંક ડીબીએસ બેંકે ભારતમાં પ્રથમ મોબાઈલ 'ઓન્લી બેંક' લોન્ચ કરી જેને ડીજીબેંક પણ કહેવાય છે.
- એલન ડોનાલ્ડ ઓસ્ટ્રેલિયાના બોલિંગ કોચ બન્યા.
- એસ. કે. ભગતને રેલવે સુરક્ષા દળ (RPF)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા.
- ભારતીય શિક્ષણવિદ રાધા કુમારને સંયુક્ત રાષ્ટ્ર યુનિવર્સીટી કાઉન્સિલમાં નિયુક્ત કરવામાં આવ્યાં. તેઓ જાતીય સંઘર્ષ, શાંતિ અને શાંતિ સ્થાપનામાં નિષ્ણાત છે.
- વિશ્વ એન્ટી ડોપિંગ એજન્સી (WADA-વાડા)ના રિપોર્ટ અનુસાર ભારત 96 ઉલ્લંઘનો સાથે વિશ્વવ્યાપી ડોપિંગ ઉલ્લંઘનમાં ત્રીજા સ્થાને. રશિયા પ્રથમ સ્થાને.
- ગુજરાત સરકારે આર્થિક રીતે પછાત લોકોને 10% અનામત આપવાની ઘોષણા કરી.
- એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતી ચૂકેલ ચાર્લ્સ બોર્રોમિયોએ ટાટા સ્ટીલ સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું.
- વેસ્ટ ઇન્ડિઝના બેટ્સમેન ઈરાક થોમસ ટી-20માં સૌથી ઝડપી શતક બનાવનાર પ્રથમ બેટ્સમેન બન્યા. થોમસે 21 બોલમાં શતક બનાવીને ક્રિસ ગેલ દ્વારા બનાવેલ 30 બોલમાં શતકનો રેકોર્ડ તોડ્યો.
- ઈસરોએ PSLV-C33 દ્વારા IRNSS-1G ઉપગ્રહ 497.8 કિમીની ઊંચાઈએ કક્ષામાં સ્થાપિત કર્યો. આથી ભારત રશિયા અને અમેરિકા જેવા એ ગૃપ દેશોમાં સામેલ થઇ ગયો છે જેમની પાસે પોતાની નેવિગેશન સિસ્ટમ છે.

- **IRNSS-1G :** 1425 કિલો વજનવાળો આ ઉપગ્રહ આ શ્રેણીનો સાતમો ઉપગ્રહ છે. આ પહેલાં IRNSS-1A, 1B, 1C, 1D, 1E તથા 1Fને પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઉપગ્રહ નેવિગેશન, ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં તથા દિશાની જાણકારી મેળવવામાં મદદરૂપ બનશે.

Also Like : /crackgpsc


અપ-ડાઉન કરતાં કરતાં મેં
GPSC ની તૈયારી કરી લીધી
crackgpsc.com
પરથી...
CRACK GPSC
અભ્યાસ/જોબ સાથે ઓછા સમયમાં ઘરે
બેઠાં GPSCની સંપૂર્ણ તૈયારી
જનરલ નોલેજના 10,000થી વધુ પ્રશ્નો
ફ્રી કરન્ટ અફેર્સ મન્થલી મેગેઝીન
UPSC/GPSC માં સફળ ઉમેદવારોના માર્ગદર્શન
અને નોટ્સના આધારે તૈયાર કરેલ મટીરીયલ
કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી
UPSC / GPSC / Dy. Mam / Dy. SO /
PI / PSI / SSC / Chief Officer / IBPS /
RAILWAY / LIC / CAT / HTAT / TAT /
TET / TALATI / CLERK / SPIPA Entrance
આ સાઈટની મુલાકાત વિના...
GPSC ની તૈયારી અધૂરી
Crack GPSC easily with...
crackgpsc.com